સરકારી વિનયન કૉલેજ મણિનગરના આચાર્યા ડૉ. નમિતા શર્માના માર્ગદર્શન અનુસાર એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૨૫-૦૨-૨૦૨૬ના રોજ હીરાપુર ચોકડી નજીક, મહેમદાવાદ રોડ, તા. દસક્રોઇ, જિ. અમદાવાદ ખાતે આવેલ સ્વ. શારદાબેન એન્ડ અશ્વિનભાઇ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શારદા શાંતિ ધામ વૃદ્ધાશ્રમની મુલાકાત કરવામાં આવી. આ વૃદ્ધાશ્રમના વડીલોને કેળા, સંતરા, સફરજન વગેરે જેવા વિવિધ ફળોનું વિતરણ કરવામાં આવ્યું. એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ વડીલોની સાથે સમય કાઢી સંવાદ દ્વારા લાગણીઓને સમજવાનો પ્રયત્ન કરેલ.
















